RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 320, Dt.02-03-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં માવઠુ

## જામનગર, દ્વારકા, ખંભાળિયા અને કચ્છમાં વરસાદી ઝાપટુ વરસતા પાકને નુકસાન થવાની ભીતિઃ ખેડૂતોમાં ચિંતાનો માહોલઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન વિભાગ દ્વારા કરાયેલી માવઠાની આગાહી પ્રમાણે, આજે ૨ માર્ચની વહેલી સવારથી જ રાજકોટ સહિત આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. બપોરે ૧૨ વાગ્યા આસપાસ અચાનક ઠંડો પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. રસ્તાઓ પર પાણી વહેતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તો પડધરી પંથકમાં વરસાદી ઝાપટું વરસતાં પાકને નુકસાન થવાની શક્યતા વધી છે. એને લઈને ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવાઇ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે અફઘાનિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં સાઇક્લોનિક સર્ક્યુલેશન સર્જાવાને કારણે ગુજરાતમાં માવઠું વરસી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા ગઈકાલે ૪૮ કલાક દરમિયાન ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી હતી.

હવામાન વિભાગ દ્વારા બે દિવસ સમગ્ર ગુજરાતમાં માવઠું થવાની આગાહી કરવામાં આવી હતી. આજે સવારથી જ હવામાન વિભાગની આગાહીને પગલે રાજકોટ શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. અચાનક વરસાદી વાતાવરણ સાથે ઠંડો પવન ફૂંકાવા લાગ્યો હતો તેમજ ભારે પવન સાથે ધોધમાર વરસાદી ઝાપટું વરસતાં વાતાવરણમાં ઠંડક ફરી વળી હતી. બીજી તરફ, પડધરી તાલુકામાં પણ વરસાદી ઝાપટું પડતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં.

પવન સાથે ખાબકેલા વરસાદને પગલે કાલાવડ રોડ પરના મોટલ ધી વિલેજ ખાતે લગ્નનો મંડપ વેરવિખેર થયો હતો. એકાએક વરસાદ શરૂ થતાં મહેમાનોમાં દોડાધામ સર્જાઈ હતી. હાલ શહેરમાં વરસાદી માહોલ વિખેરાતાં તડકો નીકળ્યો છે.પડધરી તાલુકાના ખાખડાબેલા ગામે ભારે પવન તેમજ બરફનાં કરાં સાથે જોરદાર વરસાદ પડ્યો હતો. એને લઈને ઘઉં, જીરાં, ચણા તથા તલ જેવા પાકોમાં ભારે નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વધુ એકવાર કમોસમી વરસાદથી પાકોને મોટું નુકસાન થવાની દહેશતે જગતનો તાત ચિંતામાં મુકાયો છે અને મેઘરાજા ખમૈયા કરે એવી પ્રાર્થના કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રમાં હાલ વરસાદી માહોલ વચ્ચે અમુક સ્થળોએ ઝાપટાં પડ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## આજના વિશેષ સત્રમાં શેરબજાર રેકોર્ડ સ્તરે બંધઃ સેન્સેક્સ ઓલટાઈમ હાઈઃ નીફ્ટી ૨૨૩૫૦ને પાર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

શેરબજાર આજે શનિવારના દિવસે પણ ખુલ્યું હતું. નેશનલ સ્ટોક એક્સચેન્જે ૧૪ ફેબ્રુઆરીએ જાહેરાત કરી હતી કે ૨ માર્ચની રજાના દિવસે પણ બજાર ખુલ્લું રહેશે. આ દરમિયાન બે વિશેષ લાઇવ ટ્રેડિંગ સેશન યોજાયા હતા. આ ડિઝાસ્ટર રિકવરી સાઇટના પરીક્ષણ માટે કરવામાં આવી રહ્યું છે. ડિઝાસ્ટર રિકવરી સાઇટનો ઉપયોગ સૌથી તાજેતરના બેકઅપમાંથી ડેટા પુનઃપ્રાપ્ત કરવા માટે થાય છે. જો કોઈ અણધારી ઘટનાને કારણે પ્રાથમિક સ્થાન અને તેની સિસ્ટમ નિષ્ફળ જાય, તો તેને ડિઝાસ્ટર રિકવરી સાઇટ પર સ્વિચ કરી શકાય છે. આ દરમિયાન શેરબજારમાં આજે નવી ઓલ ટાઈમ હાઈ થઈ છે. સેન્સેક્સ ૭૩,૯૯૪ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો અને નિફ્ટી ૨૨,૪૧૯ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.



મેટલ, ઓટો અને એફએમસીજી શેરોમાં ઉછાળાને પગલે મુખ્ય ભારતીય સૂચકાંકો આજે સતત ત્રીજા ટ્રેડિંગ સેશનમાં વધ્યા હતા. વિશેષ સત્ર દરમિયાન જઃ ઇજઊ સેન્સેક્સ ૭૩,૯૯૪.૭ની નવી ઓલ-ટાઇમ હાઈ નોંધાવ્યા બાદ ૭૩,૮૦૬.૧૫ પર બંધ થયો હતો. જ્યારે ગજઊ નિફ્ટી ૬૦.૮૦ પોઈન્ટ અથવા ૦.૦૮% ના વધારા સાથે ૨૨,૩૭૮.૪૦ના સ્તર પર બંધ થયો. ટ્રેડિંગ સેશન દરમિયાન ૫૦ શેરવાળો ઈન્ડેક્સ નિફ્ટી ૨૨,૪૧૯.૫૫ પોઈન્ટની નવી ટોચે પહોંચ્યો હતો. નિફ્ટીના ૩૫ શેરો લીલા નિશાન પર બંધ થયા જ્યારે ૧૪ લાલ નિશાન પર બંધ થયા. નિફ્ટીના એક શેરમાં કોઈ ફેરફાર થયો નથી.

## દેશના મહત્તમ રાજ્યોમાં મે માસ સુધી ભારે ગરમી પડશેઃ નેઋત્ય ચોમાસા ઉપરાંત હવે ગરમીમાં પણ અલનીનોનો પ્રભાવ જોવા મળશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભા ચૂંટણીની રાજકીય ગરમી તો લાંબા સમયથી શરૂ થઈ છે પણ હવે સૂર્યદેવતા પણ ચૂંટણી સમયે જ દેશના મોટાભાગના રાજ્યોમાં ભારે ગરમીનો કહેર વરસાવવા તૈયાર છે અને ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વર્ષ માર્ચ એટલે કે ચાલુ માસથી મે માસ સુધી ભારે ગરમી પડશે તથા અનેક રાજ્યોમાં લૂનો પ્રકોપ પણ જોવા મળશે.

ચૂંટણીપંચ હવે તા.૧૫ માર્ચ સુધીમાં લોકસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી શકે છે તે સમયે પણ દેશમાં સૂર્યદેવની ગરમી શરૂ થઈ ગઈ હતી. હવામાન વિભાગે ગઈકાલે જાહેર કરેલા વર્તારા મુજબ દેશના મોટાભાગના ક્ષેત્રોમાં સામાન્ય અને મહત્વ




તાપમાન એબોવ-નોર્મલ એટલે કે તેની નિર્ધારિત સીમાથી વધુ હશે એટલે કે દિવસના ભાગે અને રાત્રીના પણ ગરમીનો પ્રકોપ જોવા મળશે. આમ માર્ચ-મે માસમાં લોકોએ ભારે ગરમી સહન કરવાની તૈયારી રાખવી પડશે.

ફેબ્રુઆરી માસ એ રાત્રીના ઉષ્ણતામાનમાં ૧૯૦૧ બાદનો સૌથી વધુ ગરમી માસ નોંધાયો છે. જયારે લઘુતમ અને મહતમ બન્ને તાપમાન અગાઉના વર્ષ કરતા ઉંચા નોંધાયા હતા અને અને દેશનું રાત્રીનું તાપમાન સરેરાશ ૧૪.૧ ડિગ્રી નોંધાયુ જે ૧૯૦૧ બાદનું સૌથી ઉંચુ રહ્યું છે અને હવે હવામાન વિભાગે કરેલી આગાહીમાં જણાવાયુ છે કે માર્ચ માસમાં પણ ઉનાળાના પ્રારંભે જ લઘુતમ અને મહતમ તાપમાન સામાન્યથી ઉંચુ રહેશે. માર્ચમાં દેશના કેટલાક ભાગોમાં માવઠાની શક્યતા નકારાતી નથી પણ તે કામચલાવ સ્થિતિ હશે.ખાસ કરીને ગરમીનો સૌથી વધુ પ્રભાવ રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, પ.બંગાળ, ઓડિસા, છતીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુમાં ગરમીનો પ્રકોપ સૌથી વધુ જોવા મળશે તો માર્ચ-મે માં દેશના મોટાભાગના ક્ષેત્રોમાં ભારે ગરમી ઉપરાંત લૂ પણ સામાન્યથી વધુ રહેશે. ખાસ કરીને તેલંગાણા-આંધ્રપ્રદેશ અને ઉતરી કર્ણાટક, મહારાષ્ટ્ર, ઓડિસામાં પણ અનેક ભાગોમાં મોટાભાગના બપોરના સમયે આકરી લૂ નો અનુભવ થશે.

## દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીરે લીધી રાજકીય નિવૃતિઃ લોકસભાની ચૂંટણી નહીં લડવા જાહેરાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીની તૈયારીઓ થઈ રહી છે અને ભાજપ દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી પણ એકાદ બે દિવસમાં જાહેરાત કરાશે તે સમયે પુર્વ દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીરે પક્ષ પ્રમુખ જે.પી.નડ્ડાને પત્ર લખીને પોતે હવે ફરી ચુંટણી લડવા માંગતા નથી તેવું જણાવ્યું છે. ગંભીરે નડ્ડા ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રીનો પણ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે પક્ષે જે રીતે મને લોકોની



સેવા કરવાની તક આપી છે તે મારા માટે ખૂબજ મહત્વનું બની રહ્યું હતું.

તેમણે વડાપ્રધાનનો પણ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે મે પક્ષ પ્રમુખ જે.પી.નડ્ડાને મારી રાજકીય ફરજોમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે જેથી હું મારા આગામી સમયમાં ક્રિકેટ સાથે જોડાયેલી મારી કામગીરીને આગળ વધારી શકીશ. ગૌતમ ગંભીર ૨૦૧૯માં પુર્વ દિલ્હીની બેઠક પર સાત લાખથી વધુ મતોથી ચુંટાયા હતા.

તેઓએ કોરોનાકાળ સહિતના સમયમાં લોકોની મદદે જવામાં પણ અત્યંત સક્રીયતા દાખવી હતી. જો કે તેઓ સંસદમાં કે સંસદ બહાર બાદમાં ઓછા સક્રીય જોવા મળ્યા હતા.પુર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર ઉપરાંત આઈપીએલમાં પણ તેઓ ટીમ સાથે જોડાયેલા છે અને તેથી તેઓ પોતાની સાંસદ તરીકેની ફરજને યોગ્ય રીતે ન્યાય આપી શકતા નહી હોવાનું તેઓએ જણાવ્યું હતું. આમ ગંભીરે હવે રાજકીય સંન્યાસ પણ લઈ લીધો છે.

## લોકસભા ચૂંટણીને લઇને રાજકીય પક્ષો માટે ચૂંટણી પંચે જાહેર કરી એડવાઈઝરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે શુક્રવારે રાજકીય પક્ષોને એક એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં તેમણે ચૂંટણી પ્રચાર દરમિયાન શિષ્ટાચાર અને સંયમ જાળવી રાખવા સહિતના મુદ્દા આધારિત ચર્ચાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ચૂંટણી પંચે કહ્યું હતું કે સ્ટાર પ્રચારકો અથવા ઉમેદવારો કે જેમને અગાઉ નોટિસ અપાઇ હતી, તેમને આચાર સંહિતાના વારંવાર ઉલ્લંઘન કરવા બદલ કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે.

ચૂંટણીપંચ દ્વારા એડવાઈઝરીમાં કહેવાયું છે કે, પ્રતિસ્પર્ધીઓને બદનામ કરતી અથવા અપમાનિત કરતી અથવા અન્યની ગરિમાને ઠેસ પહોંચાડતી પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર ન કરવી જોઈએ.

ચૂંટણી પંચે રાજકીય પક્ષોને વિભાજનકારી નિવેદનબાજીથી દૂર રહેવા પણ કહ્યું હતું.




એડવાઈઝરીમાં સ્ટાર પ્રચારકો અને ઉમેદવારો પર વિશેષ ભાર આપતા તેમને આદર્શ આચાર સંહિતાના પ્રત્યક્ષ અને પરોક્ષ ઉલ્લંઘનો અંગે સચેત કરાયા છે.

એડવાઈઝરીમાં જણાવાયું છે કે, ચૂંટણી પંચ આગામી ચૂંટણીઓમાં આપવામાં આવનાર નોટિસના સમય અને સામગ્રી પર પુનર્વિચાર કરવા માટે આચારસંહિતાના ઉલ્લંઘનનું મૂલ્યાંકન કરશે.

ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા જાળવવા સલાહકારમાં કેટલીક સૂચનાઓ જાહેર કરી છે.

- જાતિ કે સાંપ્રદાયિક ભાવનાઓના આધારે અપીલ ન કરવી.
- અલગ-અલગ જૂથો વચ્ચે મતભેદ વધે અથવા દુશ્મનાવટ વધે તેવી પ્રવૃત્તિઓમાં સામેલ ન થવું
- મતદારોને ગેરમાર્ગે દોરવાના હેતુથી ખોટા નિવેદનો અથવા પાયાવિહોણા આક્ષેપોનો પ્રચાર ન કરવો.
- વ્યક્તિગત હુમલાઓથી બચવાનું છે અને રાજકીય ભાષણમાં મર્યાદા રાખવી.
- ચૂંટણી પ્રચાર માટે કોઈ મંદિર/મસ્જિદ/ચર્ચ/ગુરુદ્વારા કે અન્ય કોઈ પૂજા સ્થળનો ઉપયોગ કરવો નહીં.- રાજકીય પક્ષો અને ઉમેદવારોને મહિલાઓના સન્માન અને ગરિમા વિરુદ્ધ માનવામાં આવતાં કોઈપણ પગલાં અથવા નિવેદનો ટાળવા.

## ગુજરાતના દરિયામાં ઝડપાયેલા ડ્રગ્સમાં દાઉદના સાથીદાર હાજી અલીનો હાથઃ NCBનું નિવેદન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ બુધવારે (૨૮ ફેબ્રુઆરી) ઓપરેશન સાગર મંથન હેઠળ દેશની અત્યાર સુધીની સૌથી મોટી ડ્રગ્સ ખેપને પકડી પાડી હતી. સૌરાષ્ટ્રનાં સમુદ્રકાંઠે યુવાધનને બરબાદ કરવા માટે મોટાપાયે ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. કોસ્ટગાર્ડ એન્ટી ટેરરીસ્ટ્ર સ્કવોડ અને ગઈઇએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી પોરબંદર નજીકનાં દરિયામાંથી ૩૨૭૨ કિલો ડ્રગ્સનાં જથ્થા સાથે પાંચ ક્રૂમેમ્બર્સને ઝડપી લીધા હતા. ત્યારબાદથી આ તમામ આરોપીઓની સઘન પુછતાછ હાથ ધરવામાં આવી રહી છે. આ અગાઉ એનસીબીની ટીમ માત્ર જમીન પર જ ડ્રગ્સને લઈને ઓપરેશન કરતી હતી, પરંતુ આ ઓપરેશનમાં નેવી અને ગુજરાત ATSની મદદથી NCBએ ૩૩૦૦ કિલો ડ્રગ્સ ઝડપીને ઈતિહાસ રચી દીધો.

આ ડ્રગ્સની કિંમત ઈન્ટરનેશનલ માર્કેટમાં અંદાજિત ૧૩૦૦ કરોડ રૂપિયા છે. આ અંગે એનસીબીએ પાંચ આરોપીઓની ધરપકડ થઈ હતી, જેમાંથી એક પાકિસ્તાની છે અને ચાર ઈરાનના રહેવાસી છે. આરોપીઓની પૂછપરછમાં પાકિસ્તાનના ષડયંત્ર અંગે મોટા ખુલાસા થયા છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, ડ્રગ્સની આટલી મોટી ખેપ પાછળ



પાકિસ્તાનના સૌથી મોટા ડ્રગ્સ તસ્કર અને દાઉદ ઈબ્રાહિમના સાથીદાર હાજી સલીમનો હાથ છે.

આ પહેલીવાર નથી બન્યું કે જ્યારે એનસીબીના કોઈ કેસમાં પાકિસ્તાનનું નામ સામે આવ્યું હોય. આ અગાઉ પણ એનસીબીએ જે ઓપરેશન સમુદ્રગુપ્ત ચલાવ્યું હતું, તેમાં પણ દાઉદના નજીકના હાજી સલીમનું નામ સામે આવ્યું હતું.

NCB ડીડીજી જ્ઞાનેશ્વર સિંહે કહ્યું કે, 'પૂછપરછમાં પાકિસ્તાની નાગરિક મોહમ્મદ ચરીજૈ જણાવ્યું છે કે, ડ્રગ્સની આટલી મોટી ખેપ હાજી મોહમ્મદના કહેવા પર તેઓ ભારત લઈને આવ્યા હતા. દાઉદના નજીકના હાજી સલીમ દર વખે નવા નામનો ઉપયોગ કરે છે. આ વખતે તેમણે પોતાનું નામ હાજી મોહમ્મદ રાખ્યું હતું. એટલું જ નહીં NCBએ જે ડ્રગ્સ ઝપી પાડ્યું છે, તેમાં પણ પાકિસ્તાનના ષડયંત્ર અંગે ખુલાસો થઈ રહ્યો છે.'

ડીડીજી જ્ઞાનેશ્વર સિંહે કહ્યું કે, 'આ પાંચ લોકો એક સાથે ઈરાનના ચાબાહાર પોર્ટથી નિકળ્યા હતા. આ પોર્ટથી તેઓ સીધા ભારત તરફ આવ્યા. પેકેજિંગ મટિરિયલ અને સપ્લાયરનું કનેક્શન પણ પાકિસ્તાન સાથે હોવાનું જણાય રહ્યું છે. આ લોકો બોટ દ્વારા સીધા ઈરાનથી ભારત તરફ આવી રહ્યા હતા.'

## અનંત-રાધિકાની પ્રિવેડીંગ સેરેમનીમાં રીહાના સાથે અંબાણી પરિવારે કર્યો જોરદાર ડાન્સ

### ઉપસ્થિત મહેમાનો પણ મનમૂકીને નાચ્યાઃ કોકીલાબેન અંબાણી, મુકેશ અંબાણી અને નીતા અંબાણી દ્વારા અતિથિઓનો સત્કાર



**મુખ્ય સમાચાર, જામનગર**

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રીવેડિંગ સેલિબ્રેશનનો આજે બીજો દિવસ છે. શુક્રવારથી શરૃ થયેલા આ ફંકશનમાં ભારત અને વિદેશની લગભગ તમામ પ્રખ્યાત હસ્તીઓએ ભાગ લીધો હતો. પ્રિવેડિંગ સેલિબ્રેશનની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. હોલીવુડની પોપ સિંગર રીહાન્નાએ આ પ્રીવેડિંગ ઈવેન્ટમાં પોતાના પરફોર્મન્સથી ચાર ચાંદ લગાવ્યા હતા. બધાએ નેરીહાના ગીતો ખૂબ માણ્યા. ઈવેન્ટમાં આવેલા મહેમાનો જ નહીં, ખુદ અંબાણી પરિવાર પણ પોતાને ડાન્સ કરતા રોકી શક્યો નહીં. ખાસ વાત એ છે કે મુકેશ અંબાણી પણ રિહાનાના ગીત પર ડાન્સ કરતા જોવા મળ્યા હતા. આ દરમિયાન ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.સ્ત્રસ્ત્ર

હોલીવુડ પોપ સિંગર રીહાન્નાએ અંબાણીની ઈવેન્ટમાં પોતાના ગીતો પર ડાન્સ કરવા માટે બધાને મજબૂર કરી દીધા હતા. રીહાન્નાએ ઈવેન્ટમાં તેના લોકપ્રિય ગીતો વાઇલ્ડ થિંગ્સ, પોર ટી અપ અને ડાયમન્ડ્સ પર દમદાર પરફોર્મન્સ આપ્યું હતું. આવી સ્થિતિમાં મુકેશ અંબાણી, નીતા અંબાણી અને તેમનો આખો પરિવાર રિહાનાના ગીતો પર ડાન્સ કરતો જોવા મળ્યો હતો. એક તસવીરમાં તે વરરાજા અનંત અંબાણી સાથે સ્ટેજ પર પોઝ આપતી જોવા મળી હતી. જ્યારે બીજી તસવીરમાં તે મુકેશ અંબાણી, તેમની પત્ની નીતા અંબાણી, મોટા પુત્ર આકાશ અંબાણી, પુત્રવધૂ શ્લોકા મહેતા અને ઈશા અંબાણી સાથે સ્ટેજ પર મસ્તી કરતી અને ક્ષણનો આનંદ માણતી જોવા મળે છે. આ દરમિયાનની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે.રિહાનાનો લુક ઘણો ખાસ હતો પોપ સિંગર રિહાનાનો લુક પણ ઘણો ખાસ હતો. રિહાન્નાએ પોતાના લુક અને ડ્રેસિંગથી ચાહકોનું દિલ જીતી લીધું છે. ઈવેન્ટમાં, રીહાન્નાએ નિયોન-ગ્રીન સિગ્નેચર સી-થ્રુ ડ્રેસ પહેર્યો હતો. આ પોશાક સાથે, ગાયકે તેના લાંબા અને સુંદર વાળને લાલ કેપથી ઢાંકી દીધા હતા. તમને જણાવી દઈએ કે રિહાન્નાએ માત્ર થોડા કલાકોના પરફોર્મન્સ માટે અંબાણી પાસેથી મોટી રકમ એકઠી કરી છે.

# જામનગરને રૂ. ૫૨૦ કરોડના વિવિધ વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મુખ્યમંત્રીએ જે.એમ.સી.ગ્રાઉન્ડ ખાતે મીલેટ એક્ષ્પોને ખુલ્લો મૂક્યો અને જામનગરના વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત કર્યું.રાજ્યના ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવી, સાંસદ પૂનમબેન માડમ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જનતાના વિશ્વાસનું વળતર વિકાસથી આપ્યું છે.છેલ્લા એક અઠવાડિયામાં ૧.૧૦ લાખ કરોડના વિકાસકાર્યોની વડાપ્રધાનના હસ્તે રાજ્યને ભેટ મળી છે.જામનગરમાં અનેક વિકાસકાર્યો કરવા માટે રાજ્ય સરકાર સતત પ્રતિબદ્ધ.અનધિકૃત દબાણો તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકી સરકારે જામનગર શહેરમાં શાંતિ સ્થાપી છે-ગૃહ રાજ્યમંત્રી હર્ષ

સંઘવી.જામનગર, ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મિલેટને પ્રોત્સાહન આપવા માટે મિલેટ મહોત્સવનું રાજ્યની તમામ મહાનગરપાલિકાઓમાં આયોજન કરવામાં આવ્યું છે. આ મિલેટ એક્સ્પોનું ઉદઘાટન તેમજ જામનગર જિલ્લાના રૂ.૫૨૦ કરોડના વિવિધ વિકાસ કામોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શહેરના જે.એમ.સી.ગ્રાઉન્ડ ખાતેથી ઇ-ખાતમુહર્ત અને ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ''સૌરાષ્ટ્રના પેરિસ તરીકે આગવી ઓળખ ધરાવતા જામનગરમાં આવીને હું આનંદ અનુભવું છું. જામનગરમાં રૂ.૫૨૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે.આ ઉપરાંત જેટલા પણ વિકાસ કાર્યો અત્યારે જામનગર જિલ્લામાં કાર્યરત છે, તેને પરિપુર્ણ કરવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગત અઠવાડિયે જ રાજ્યમાં રૂ. ૧.૧૦ લાખ કરોડના વિકાસ કાર્યોની





હેલી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વરસી છે.પદાધિકારીઓ જે કામ માટે લોક માંગણી રજૂ કરે છે, તેને કરી આપવા માટે રાજ્ય સરકારની સંપૂર્ણ તૈયારી છે. છેવાડાના માણસને મુખ્ય ધારામાં લાવવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા જેવા અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. વિકસિત ભારત ૨૦૪૭ ના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય વિકસિત ગુજરાતની લીડ લઈને આગળ વધવા માંગે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં મોદી સરકારની ગેરંટીનો રથ પ્રત્યેક ઘર સુધી જઈને લોકોને સરકારી સહાયનો લાભ આપી રહ્યો છે. સરકારી યોજનાઓનો લાભ ભૂતકાળમાં સીમિત લોકો જ લઈ શકતા હતા. જે આજે દરેક વ્યક્તિ સુધી પહોંચતો થયો છે. દરેકને સાથે લઈને કેવી રીતે આગળ વધવું તેવા હેતુ સાથે સંપૂર્ણ વિકાસ કરવામાં આવી રહ્યો છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર જામનગર ખાતે બની રહ્યું છે જેના કારણે જામનગરની સમગ્ર વિશ્વમાં એક અલગ જ ઓળખ ઉભી થઇ છે.ગુજરાત સરકાર દ્વારા રૂ.૩,૩૨,૦૦૦ કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોના વિશ્વાસનું વળતર વિકાસથી આપ્યું છે. ત્યારે સૌ સાથે મળી એક થઈને આગળ વધીએ તેવી આ તકે મુખ્યમંત્રીએ નાગરિકો સમક્ષ અભ્યર્થના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું કે જામનગરના નાગરિકોએ ચૂંટી કાઢેલા જનપ્રતિનિધિઓની મહેનત થકી આજે જામનગરને ૫૨૦ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ મળી રહી છે.સરકાર લોકોના સર્વાંગી વિકાસ અને સુરક્ષાને લઈ ખૂબ સતર્ક છે.સમગ્ર રાજ્યમાં મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ સરકારી જમીન પર કરવામાં આવેલ અનઅધિકૃત દબાણો દૂર કરી લોકો માટે શાળાઓ, પુસ્તકાલયો, જાહેર બાંધકામો વગેરે જેવા લોકોપયોગી પ્રકલ્પોનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે.જામનગરની કન્યા શાળા હોય કે ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલ કોઈપણ ઈસમ, સરકારે જરૂરી તમામ પગલાંઓ લઈ આ શહેરમાં શાંતિ સ્થાપી છે.

મુખ્યમંત્રીએ જે.એમ.સી.ગ્રાઉન્ડ ખાતે જામનગરના મીલેટ એક્ષ્પોને પણ આ પ્રસંગે ખુલ્લો મૂકી વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની બાળાઓએ સુંદર સ્વાગત નૃત્ય રજૂ કર્યું હતું.ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના એમ.ડી. ડી.એચ. શાહે શાબ્દિક સ્વાગત જ્યારે કાર્યક્રમની આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજે કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરિદેવભાઈ ગઢવીએ કર્યું હતું.આ તકે સંગઠનના હોદ્દેદારોએ મુખ્યમંત્રીનું રામ મંદિરની પ્રતિકૃતિ તેમજ હાલારી પાઘડી અને ખેસ પહેરાવી અદકેરું સ્વાગત કર્યું હતું.મુખ્યમંત્રીએ રીમોટનું બટન દબાવીને જામનગરના વિવિધ વિકાસ કાર્યોનું ઇ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી ઈ-તકતીઓનું અનાવરણ કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયાર કરાયેલી રમત સંકુલ અંગેની વિડિયો ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદભાઈ ખીમસુરિયા, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશ અકબરી, રીવાબા જાડેજા, મુખ્ય સચિવ રાજ કુમાર, જિલ્લા કલેકટર બી.કે. પંડ્યા, જામનગર મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, ડો.વિમલભાઈ કગથરા, રમેશભાઈ મુંગરા. ભોજાણી, જિલ્લા ખેતીવાડી અધિકારી ગોહિલ, નાયબ ખેતી નિયામક વિસ્તરણ આગઠ, નાયબ બાગાયત નિયામક દેત્રોજા ખેડૂતો, વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગરમાં જિલ્લા કક્ષાના રમત સંકુલનું ઈ-ખાતમુહૂર્ત કર્યું








**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બ્રુકબોન્ડ ગ્રાઉન્ડમાં ૧૨ એકર જમીનમાં અંદાજે ૨૪ કરોડના ખર્ચે નિર્માણ પામશે ઇન્ડોર મલ્ટીપર્પઝ હોલ અને વિવિધ માળખાકીય સુવિધા સાથેનું રમત સંકુલ.જામનગર.રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જામનગરની મુલાકાતે છે ત્યારે તેઓએ એમ્યુઝમેન્ટ પાર્ક નજીક, શ્રીજી હોલ પાસે મિલેટ એક્સપોને ખુલ્લો મૂકી જામનગર જિલ્લાને કરોડોના વિકાસ કાર્યોની ભેટ આપી હતી. મુખ્યમંત્રીએ વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં બેડી બંદર રોડ, ઓવર બ્રિજ નજીક બ્રુકબોન્ડ ગ્રાઉન્ડમાં નિર્માણ પામનાર જિલ્લા કક્ષાના રમત સંકૂલનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.જામનગરમાં જિલ્લા કક્ષાનું રમત સંકૂલ બનાવવા માટે સરકાર દ્વારા આશરે ૧૨ એકર જમીન ફાળવવામાં આવી છે. અંદાજે ૨૪ કરોડના ખર્ચે નિર્માણ પામનાર રમત સંકુલમાં ઇન્ડોર રમતો જેવી કે ટેબલ ટેનીસ, વોલીબોલ, બાસ્કેટબોલ, કબડ્ડી, ખો-ખો, જિમ, યોગા, જુડો, ચેસ, વેટ લીફ્ટ, ૧૦૦ મી. શુટીંગ રેન્જ તથા આઉટડોર ગેમ્સમાં ૪૦૦ મીટર મડી એથ્લેટિક ટ્રેક, ગ્રાસી ફૂટબોલ ગ્રાઉન્ડ, બે વોલીબોલ કોર્ટ, બે કબડ્ડી મેદાન, ખો-ખો કોર્ટ, ચાર ટેનીસ કોર્ટ, બે બાસ્કેટબોલ કોર્ટ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.આ જિલ્લા રમત સંકૂલના નિર્માણથી જામનગર જિલ્લાની યુવા પેઢીને રમત ગમત ક્ષેત્રે પોતાની પ્રતિભા વિકસિત કરવાની તેમજ રમત ગમત ક્ષેત્રે આગળ વધવાની ઉમદા તકો પ્રાપ્ત થશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગરમાં નિર્માણ પામેલ પોલીસ ક્રિકેટ ગ્રાઉન્ડ તથા વોકીંગ-રનીંગ ટ્રેકનું લોકાર્પણ કર્યું

### મુખ્યમંત્રીએ ટોસ ઉછાળી મહિલા ક્રિકેટરોના મેચની શરૂઆત કરાવી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરના પોલીસ હેડ ક્વાટર ખાતેના પરેડ ગ્રાઉન્ડની બાજુના ખાલી મેદાનમાં નિર્માણ પામેલા પોલીસ ક્રિકેટ ગ્રાઉન્ડનું તથા વોકિંગ-રનિંગ ટ્રેકનું લોકાર્પણ કર્યું હતું. બાદમાં ટોસ ઊછાળી મહિલા ટીમના ક્રિકેટ મેચની શરૂઆત કરાવી હતી.આંતરરાષ્ટ્રીય સ્તરનુ ૬૩ મીટરની ત્રિજ્યાવાળુ ક્રિકેટ ગ્રાઉન્ડ તથા તેની ફરતે ૦૫ (પાંચ) મીટરની પહોળાઇવાળો ૪૦૦ મીટરનો વોકીંગ.રનીંગ ટ્રેક બનાવવામાં આવેલ છે. આ ઐતિહાસિક મેદાન ખાતે આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ખેલાડીઓએ પોતાની કારકિર્દી દરમ્યાન પ્રેકટીસ કરી છે. જેથી ક્રિકેટ ચાહકો માટે પણ આ ગ્રાઉન્ડનુ મહત્વપુર્ણ બની રહેશે. તેમજ અહીનો વોકીંગ-રનીંગ ટ્રેક સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી વિવિધ ભરતીઓ માટેની શારીરિક કસોટીની પુર્વ તૈયારી માટે પણ યુવાનોને મદદરૂપ થશે.

આ લોકાર્પણ પ્રસંગે, ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, ચીફ સેક્રેટરી રાજકુમાર,જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા, રિવાબા જાડેજા, દિવ્યેશભાઈ અકબરી, કલેક્ટર બી. કે. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, રેન્જ આઈજી અશોક કુમાર યાદવ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું, અગ્રણીઓ, અગ્રણીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબીમાં કારમાં આગજનીમાં થયેલ નુકસાનની રકમ વીમેદારને ચૂકવવા ઇન્સ્યોરન્સ કંપનીને ગ્રાહક અદાલતનો આદેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૨૩માં કારમાં અચાનક આગ લાગતા જે આગના કારણે કારમાં નુકસાની થયેલ હોય. કારનો રોયલ સુન્દરમ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીમાં વીમો ચાલુ હોય જે માટે ઇન્સ્યોરન્સ કંપનીમાં ક્લેઇમ કરતા કંપનીએ વીમેદારને એનકેન ખોટા બહાના સામે ધરી ક્લેમ ગ્રાહ્ય ન રાખતા વીમેદાર દ્વારા મોરબી ગ્રાહક તકરાર નિવારણમાં કેસ દાખલ કરતા ક્લેઇમની રકમ ખોટા કારણોસર કાપી લેનાર ઇન્સ્યોરન્સ કંપનીને ક્લેઇમના ૫૮,૮૨૧/- ૯ટકા વ્યાજ સાથે ગ્રાહકને ચૂકવી આપવા મોરબી ગ્રાહક અદાલતે



આદેશ કરેલ છે.

મોરબીના લાલપર ગામના વતની દુર્લભજીભાઇ કેશવજીભાઇ જેતપરીયાની હુન્ડાઇ કંપનીની કારમાં કુબેર સીનેમા પાસે એકાએક આગ લાગતા સળગવા લાગી હતી. ત્યારે બહારના માણસોને જાણ થતા ગાડીની આગને બુઝાવી નાખેલ હતી. આ કારનો વિમો રોયલ સુંન્દરમ્ જનરલ ઇન્સ્યુરન્સ વીમાકંપનીમાં હોય, જેથી રોયલ સુંદરમ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીમાં નુકસાની માટે ક્લેઇમ કરતા કંપની દ્વારા એવું બહાનુ બતાવ્યુ કે કાર પાછળ કેમેરા તથા અન્ય સામગ્રી લગાડવાથી આગ લાગી છે તો વિમો નહીં મળે ત્યારે વીમેદાર દુર્લભજીભાઈ દ્વારા મોરબી શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઇ મહેતા દ્વારા ગ્મોરબી ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં આ બાબતે કેસ દાખલ કર્યો હતો. આજરોજ ગ્રાહક અદાલતમાં આ કેસ ચાલી જતા ગ્રાહક અદાલતે વિમા કંપનીની દલીલ માન્ય રાખી નહીં અને વીમેદારને રૂા. ૫૮,૮૨૧/- અને ૭,૦૦૦/- અન્ય ખર્ચના ૯ ટકા વ્યાજ સાથે તા.૦૩/૦૮/૨૦૨૩ થી ચુકવવાનો આદેશ કરેલ છે.

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા જણાવ્યું છે કે ગ્રાહકે પોતાના હકક માટે લડવું જોઇએ કોઇપણ વ્યકિતને અન્યાય થાય તો મોરબી શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઇ-મો.૯૮૨૫૭૯૦૪૧૨ માં સંપર્ક કરવાનું જણાવાયું છે.

## હળવદ પોલીસે રેતીની ચોરી કરતું ડમ્પર ઝડપી પાડ્યું

### ખાણ ખનીજ વિભાગે ત્રણ ડમ્પરોને એક-એક લાખનો દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પંથક ખનીજ ચોરી માટે બદનામ છે અને એમાં પણ બ્રાહ્મણી નદીમાં મોટા પ્રમાણમાં ખનીજ ચોરી થતી હોવાની ફરિયાદો થતી હોય છે. હળવદ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વાય.પી.વ્યાસે ટીકર રેલવે ફાટક પાસેથી પાસ પરમીટ વિનાના ડમ્પર નંબર જીજે-૧૩-ડબલ્યૂ-૧૨૮૯ને ઝડપી પાડ્યું છે અને ડિટેઈન કરી ખાણ ખનીજ વિભાગને સોંપ્યું છે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા ખાણ ખનીજ વિભાગના અધિકારી જગદીશ વાઢેરની સૂચનાના આધારે રોયલ્ટી ઈન્સ્પેક્ટર આર.કે





કણસાગરા, માઈન્સ સુપરવાઈઝર એમ.આર ગોજીયા અને સર્વેયર યુ.જી સુવા, એમ.ડી ઉમરાણીયા સહિતનાઓએ હળવદ તાલુકાના ચાડધ્રા ગામની હદમાં બ્રાહ્મણી નદીમાં થતી રેતીચોરી કરતા જીજે-૩૬-એસ-૨૬૪૨ નંબરનું લોડર તેમજ રેતી ભરેલા જીજે-૩૬-એક્સ-૧૯૨૮, જીજે-૩૬-વી-૯૩૧૮ અને જીજે-૩૬-વી-૯૩૧૭ એમ ત્રણ ડમ્પર મળી રૂપિયા એક કરોડ દસ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. જે પકડાયેલા તમામ ડમ્પરોને ખાણ ખનીજ વિભાગે એક-એક લાખનો દંડ ફટકાર્યો હતો.

## ટંકારા ખાતે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયાકુમારીએ ભાજપના આગેવાનો અને ઉદ્યોગકારો સાથે મુલાકાત કરી

### આગામી લોકસભા ચૂંટણીને લઇ રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે






**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**


**ટંકારા:** લોકસભાની ચૂંટણીને લઇ ભાજપ દ્વારા કમર કસી છે ત્યારે પક્ષને મજબૂત કરવા ભાજપના દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ત્યારે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયાકુમારી ગુજરાતના રાજકોટ મોરબી તેમજ જામનગરના ત્રણ દિવસીય પ્રવાસમાં આવેલ છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી દિયાકુમારીજી દ્વારા આજરોજ મોરબી શહેરમાં ઉપસ્થિત રહી ભાજપ પક્ષ તથા ઔદ્યોગિક આગેવાનો સાથે મુલાકાત કરી હતી.

રાજસ્થાન નાયબ મુખ્યમંત્રી દિયાકુમારીજીના આજરોજ મોરબી પ્રવાસને લઇ તેઓ દ્વારા જણાવ્યું કે લોકસભા ક્લસ્ટર માટેની તેઓને પક્ષ તરફથી જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે મોરબી, રાજકોટ અને જામનગરના ત્રણ દિવસીય પ્રવાસમાં છે. ત્યારે આ ત્રિ-દિવસીય પ્રવાસમાં પક્ષના તમામ કાર્યકરો સાથે તથા ઔદ્યોગિક આગેવાનો સાથે તેમજ અલગ અલગ સંગઠનોના હોદેદારો સાથે મુલાકાત કરવામાં આવી હતી. ત્યારે મોરબીના ઔદ્યોગિક ક્ષેત્રના સીરામીક ટાઇલ્સ તથા સિમેન્ટ ફેક્ટરીના ઉદ્યોગકારો સાથે મુલાકાત કરીને તેમની સાથે આગામી ચૂંટણીને લઈને વિસ્તૃત ચર્ચા વિચારણા કરતા બહુ સારો અનુભવ પ્રાપ્ત થયો જેથી તમામ ઔદ્યોગિક ક્ષેત્રના આગેવાનો, પક્ષના કાર્યકરો પદાધિકારીઓ તથા જનપ્રતિનિધિ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વાડીનાર ખાતે આઇસીજીની નવીન જેટીનું કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રીના હસ્તે થયું ઉદઘાટન







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વાડીનાર ખાતે કેન્દ્રીય સંરક્ષણ રાજયમંત્રી અજય ભટ્ટ દ્વારા ભારતીય તટ રક્ષક દળની નવનિર્મિત જેટીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં આઇસીજીના ડીજી રાકેશ પાલ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.જામનગરના વાડીનાર ખાતે દિન દયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા ૭૪ કરોડના ખર્ચે નિર્મિત ભારતીય તટ રક્ષક દળની ડિપોઝીટ વર્ક તરીકે બંધાવેલ નવીન જેટીનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે આઇસીજીની તેની જવાબદારીના ક્ષેત્રોમાં દરિયાઈ હિતોની સુરક્ષામાં ભાગ ભજવવા બદલ પ્રશંસા કરવામાં આવી હતી.આઇસીજી એટલે કે ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ જેનું મુખ્યાલય દિલ્હી ખાતે આવેલું છે. જેનું પ્રાદેશિક મુખ્યાલય ગાંધીનગર ખાતે છે.જે ગુજરાત, દમણ અને દીવના દરિયાઈ વિસ્તારોમાં ICG ના ફરજિયાત ચાર્ટરનો અમલ કરે છે.જેના થકી દરિયાઈ સલામતી અને સુરક્ષા, વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં દેખરેખ સહિત વિવિધ ફરજિયાત કાર્યો કરવામાં આવે છે.ગુજરાત રાજ્ય ૧૨૧૫ કિમીનો દરિયાકિનારો ધરાવે છે, જે દેશના કુલ દરિયાકિનારાનો છઠ્ઠો ભાગ છે અને પાકિસ્તાન સાથે અંદાજિત ઈંખઇક વહેંચે છે. પ્રાદેશિક મુખ્યમથક (ઉત્તર પશ્ચિમ), દરિયામાં સુરક્ષા, દેખરેખ અને સતત દેખરેખ જાળવવા માટે દરરોજ સરેરાશ ૧૦/૧૨ જહાજો અને ૨/૩ વિમાન તૈનાત કરે છે.

વાડીનાર ખાતે ICG જેટી ઉપરાંત, ICG પોરબંદર ખાતે ૧૦૦ મીટર જેટી એક્સ્ટેંશન, ઓખા ખાતે ૨૦૦ મીટર જેટી અને મુન્દ્રા ખાતે ૧૨૫ મીટર જેટીનું પણ નિર્માણ કરી રહી છે. આ ઇવેન્ટના ડાયરેક્ટર જનરલ રાકેશ પાલ, AVSM, PTM, TM અને ઇન્સ્પેક્ટર જનરલ એકે હરબોલા, TM, કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ મહાનુભાવો સાથે જોવા મળ્યા હતા.

## મોરબીના વરીષ્ઠ ધારાશાસ્ત્રી હરેશભાઈ મહેતાની નોટરી તરીકે નિમણૂક કરાઇ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ધારાશાસ્ત્રી મૂળ હળવદના વતની અને હાલમાં મોરબી પ્રેક્ટિસ કરતા ધારાશાસ્ત્રી હરેશકુમાર એન.મેહતા વર્ષ ૧૯૯૪ થી એટલે કે છેલ્લા ૨૯ વર્ષથી વકીલાત કરી રહ્યા છે. તેઓએ સુરેન્દ્રનગર કોર્ટ, હળવદ કોર્ટમાં વકીલાત કર્યા બાદ મોરબી કોર્ટમાં વકીલાત કરી રહ્યા છે.



સાથે સાથે તેઓ સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના હળવદ શહેરના પ્રમુખ તરીકે પણ પોતાની સામાજિક જવાબદારી સંભાળે છે. બ્રહ્મસમાજના ઘરેણું સમાન હરેશકુમાર નાનાલાલ મહેતાની નોટરી તરીકે નિમણૂક થતા વકીલ મિત્રો તેમજ બ્રહ્મસમાજ અને તેમના મિત્ર વર્તુળમાંથી તેઓને તેમના મોબાઈલ નં ૮૧૪૧૭૩૫૮૨૧ શુભેચ્છા નો ધોધ વરસી રહ્યો છે

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# જુનાગઢના મહાશિવરાત્રીના મેળામાં ચોટીલાના આપાગીગાના ઓટલા દ્વારા ભજન,ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ થશે

## છેલ્લા ઘણા વર્ષોથી ચાલતા આપાગીગાના ઓટલા દ્વારા જુનાગઢના શિવરાત્રી મહોત્સવમાં વિરાટ અન્નક્ષેત્રનો આજથી શુભારંભઃ મહંત નરેન્દ્રબાપુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આભને ઓવારણા લઇ વાદળ સાથે વાતો કરતા ગરવા ગિરનારની ગોદમાં જુનાગઢ ખાતે દર વર્ષે મહાશિવરાત્રીનો મેળો યોજાય છે. આ વર્ષે પણ આ પરમ પવિત્ર શિવરાત્રી મહોત્સવ આડે બહોજ ઓછા દિવસો બાકી રહયા છે ત્યારે શ્રી આપાગીગાના ઓટલા દ્વારા તેની ભવ્યાતિ ભવ્ય ઉજવણી માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પરમ કુપાળુ દેવાધી દેવ મહાદેવની ભકિતમાં સમગ્ર સંતો મહંતો તેમજ સમગ્ર સમાજના લોકો જયારે ઓળઘોળ થવાના છે. ત્યારે આ અવસરે શ્રી આપાગીગાનો ઓટલો ચોટીલા દ્વારા ભવનાથ ક્ષેત્રમાં લાલ સ્વામીની જગ્યા ભવનાથ, જુનાગઢ ખાતે સમગ્ર સમાજના લોકો સાધુ સંતો ભાઇઓ, બહેનો માતાઓ યુવાનો અઢારેય કોમ માટેનું છેલ્લા ઘણા વર્ષોથી અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આપાગીગાના ઓટલાના મહંત નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરજબાપુની (નરેન્દ્રભાઇ સોલંકી) તેમજ સમગ્ર કાર્યકર્તાઓની ટીમ દ્વારા અને ભગવાન ભોળાનાથની આગેવાનીમાં તેમજ શ્રી જીવરાજબાપુના આર્શીવાદથી અન્નક્ષેત્રની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સેંકડો ભાવીકો માટે મહાપ્રસાદ રૂપી ભોજનની સેવા માટે જુનાગઢ શહેર, જુનાગઢ જીલ્લાના ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતિ સમાજના કાર્યકર્તાઓ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રના દરેક સમાજના સ્વયંમસેવક, હરખની હેલી ચડી છે અને સૌ સાથે મળી ખંભે ખંભા મીલાવી અને કાર્યરત છે.

નરેન્દ્રબાપુએ જણાવેલ કે જુનાગઢના મહાશિવરાત્રી મહોત્સવ અંતગર્ત તા. ૨-૩-૨૦૨૪ શનિવાર સવાર થી જ શ્રી આપાગીગાના ઓટલાનું અન્નક્ષેત્ર સમગ્ર સમાજના લોકો માટે ધમધમતુ થઇ જાશે જેમાં સવારના સમયમાં દરેક લોકોને ચા-પાણી-નાસ્તો અને બપોરે અને સાંજે શુધ્ધ ઘીની બે મીઠાઇઓ, શુધ્ધ સિંગતેલમાં બનેલ બે શાક, ફરસાણ, દાળ, ભાત, શાક, ખીચડી, કઢી, વગેરેનો ભોજનરૂપી મહાપ્રસાદની વ્યવસ્થાઓ ભગવાન સદાશીવ, માં ભગવતી તેમજ માં બહુચરાજી, ભગવાન દ્વારકાધીશના આર્શીવાદથી અને અમારા પરમ સદ્ગુરૂ દેવ શ્રી જીવરાજબાપુની પ્રેરણાથી ચાલુ થઇ જશે તેમજ તા. ૮-૩-૨૦૨૪, શુક્રવાર ના દિવસે સંપૂર્ણ દિવસ માટે સવારથી લઇ રાત્રી સુધી આખા દિવસ શિખંડ, રાજગરાના લોટનો શીરો, સામાની ખીર, ફરાળી ખીચડી, સુકી ભાજી, રાજગરાના લોટની પુરી, ફરાળી ચેવડો, ફરાળી કઢી, વિગેરે અનેક પ્રકારની ફરાળી આઇટમો પણ પીરસવામાં આવશે. શિવરાત્રી મહોત્સવના મહાપ્રસાદનો અનેરો મહીમા છે. મહોત્સવમાં આવતા તમામ ભાવીકોને સંપૂર્ણ પણે વિનામુલ્યે મહાપ્રસાદ લેવા માટે જાહેર નિમંત્રણ છે. છેલ્લા ઘણા વર્ષોથી મહાશિવરાત્રી મહોત્સવમાં પરમકૃપાળુ પરમાત્મા તેમજ માં ભગવતીના આર્શીવાદથી અન્નક્ષેત્રનું આયોજન કરવામાં ભગવાન અમોને નીમીત બનાવે છે. તેને અમો અમારૂ સૌ ભાગ્ય માનીએ છીએ.તો અઢારેય કોમના દરેક લોકોને ભોજનરૂપી મહાપ્રસાદ લેવા માટે તા. ૨-૩-૨૦૨૪ ને શનિવાર થી લઇ અને તા.



૯-૩-૨૦૨૪ ને શનિવાર સુધી આ અન્નક્ષેત્ર ધમધમવાનું છે ત્યારે સમગ્ર સમાજના લોકોને મહાપ્રસાદ લેવા માટેની જાહેર વિનંતી કરવામાં આવે છે. આપ સૌ ભગવાનનો મહાપ્રસાદ લઇ અમોને આર્શીવાદ આપી અને પાવન કરવા માટે આપ સૌને ફરી હદયપૂર્વકની વિનંતી કરવામાં આવે છે.

તા. ૫-૬-૭ ફેબ્રુઆરી ૨૦૨૪ એટલે કે મંગળવાર, બુધવાર અને ગુરૂવાર રાત્રીના સમયે ખુબજ મોટા નામાંકિત કલાકારો દ્વારા ત્રણ દિવસ સુધી રોજ રાત્રે ભજન અને લોક ડાયરાની જમાવટ થનાર છે. ભજન ભોજન અને ભકિતનો ત્રીવેણી સંગમ એટલે મહાશિવરાત્રીનો ભગવાન ભવનાથ મહાદેવના સાનિધ્યનો મેળો આપ સૌને પણ અમારી હદયપૂર્વકની વિનંતીઓ છે. કે ખાસ મેળામાં પધારો અને શ્રી આપાગીગાના ઓટલાના અન્નક્ષેત્રમાં મહાપ્રસાદ લેવા પધારો તેવી શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ દ્વારા જાહેર જનતા જોગ અપીલ છે.

# બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાના પ્રશ્નપત્રો સ્ટ્રોંગ રૂમમા સીલ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આગામી તારીખ ૧૧ માર્ચથી ગુજરાત રાજ્ય માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે અત્યારે આજે ગાંધીનગરથી આવેલા આ પરીક્ષાના પ્રશ્નપત્ર શહેરની ચૌધરી હાઈસ્કુલ ખાતે સ્ટ્રોંગ રૂમમાં સીલ કરાયા હતા તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીની દેખરેખ હેઠળ શાળા ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે

# જસદણના લીલાપુર ગામે સરકારી ગોડાઉનમાંથી રૂપિયા ૨૦.૨૩ લાખના રાયડાની ચોરી

## ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનના કર્મચારીએ જસદણ પોલીસમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણ તાલુકાના લીલાપુર ગામે આવેલા ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશન ના ગોડાઉન માંથી કોઈ અજાણ્યા શકશો રૂપિયા ૨૦ પણ ૨૩ લાખ ના રાયડાની ૬૭૫ બોરી ચોરી કરી જતા જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ મૂળ વિજયનગર તાલુકાના ચિત્રોડી ગામના વતન અને હાલ રાજકોટમાં જામનગર રોડ પર આવેલા પુનિતનગર માં રહેતા અને ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશન માં નોકરી કરતા રમેશભાઈ વીરજીભાઈ નીનામા નામના કર્મચારીએ જસદણ પોલીસમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે લીલાપુર ગામે આવેલ સરકારી ગોડાઉનમાં ગઈ તારીખ ૨૯ ૨ ના રોજ કોઈ અજાણ્યા શખ્સોએ ગોડાઉનની લોખંડની જ્યારે તોડી નાખી અંદર પ્રવેશ કરી રાયડાની ૬૭૫ બોરી કિંમત રૂપિયા ૨૦.૨૩ લાખ ની ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે જસદણ પોલીસના પીઆઇ ટીબી જાણીએ ગુનો નોંધી તપાસનો શરૂ કર્યો છે.

# બેંક લોનના હપ્તા ચડત થઈ જતા યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર રાજકોટ**

સાઈબાબા સર્કલ પાસે ગોંડલ રોડ નજીક ગોવિંદ ગ્રીન સોસાયટી શેરી નંબર ૧ માં રહેતો રોહિત લાલજીભાઈ કુમારખાણીયા નામના યુવાને ગઈકાલે રાત્રિના કોઠારીયા ગામે હતો ત્યારે પંખા સાથે ચુંદડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કરતા પરિવારજનો જોઈ જતા તેને નીચે ઉતારી



તાત્કાલિક સારવારમાં સરકારી હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યો છે બનાવવા અંગેની જાણ આજે ડેમ પોલીસ ને કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ ખાતે દોડી જાય પ્રાથમિક તપાસ કરતા યુવાન બેંક લોનના હપ્તા ઝડપ થઈ જતા આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ નિવેદનમાં જણાવ્યું છે.

# બેડી ગામે ગળાની ગાંઠથી કંટાળી યુવાનનો આપઘાત

## આંબેડકરનગરમાં યુવાને કપડા ધોવાનું લીકવિડ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડી ગામે રહેતા આધેડે ગળામાં થયેલી ગાંઠની ચિંતામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના બેડી ગામે રહેતા ગોરધનભાઈ ખીમજીભાઈ મકવાણા નામના ૪૯ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે તેમને ગળામાં થયેલી ગાંઠની ચિંતામાં છતના હુકમાં વાયર બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આધેડના મોતથી બે પુત્ર અને બે



પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. કુવાડવા રોડ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ ઝાલા સહિત વધુ તપાસ હાથ ધરી છે.

જયારે આંબેડકરનગરમાં રહેતા બળદેવ ભાણજીભાઈ પરમાર નામનો ૪૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર કપડાં ધોવાનું લિક્વિડ પી લીધું હતું. યુવકની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આનંદ સ્નેકસના માલિકની હત્યા થઈ હોવાનો માતા-પુત્રનો ગંભીર આક્ષેપ

## ગૃહમંત્રીને સંબોધી માતા-પુત્રએ બે વિડિયો વાયરલ કર્યાઃ વ્યાજના વિષચક્રમાં ફસાયાઃ ગુંડાઓની ધમકીઓ મળતી હોવાનું જણાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર ધનરજની કોમ્પલેક્ષમાં આવેલ જાણીતા આનંદ સ્નેક્સબારના માલીક માતા-પુત્ર વ્યાજના ચક્રવ્યુહમાં ફસાયા બાદ વ્યાજખોરો અને તેના ગુંડાઓની ધમકીથી કંટાળી આનંદ સ્નેક્સબારને તાળા મારી ભુગર્ભમાં ઉતરી ગયા છે ત્યારે આનંદ સ્નેકસના માલીક સાશિયલ મીડિયામાં બે વીડિયો વાયરલ કર્યા છે. જેમાં વર્ષો પહેલા પોતાના પતિનો કાર અકસ્માત નથી થયો પરંતુ તેમની હત્યા કરાઈ છે તેવો આક્ષેપ કર્યો હતો અને ગૃહમંત્રીને સંબોધીને વાયરલ કરેલા વીડિયોમાં પરિવારને વ્યાજખોરોની ચુંગલમાંથી છોડાવવા માંગણી કરાઈ છે. રાજકોટના યાજ્ઞિક રોડ પર ધનરજની કોમ્પલેક્ષમાં આવેલ આનંદ સ્નેક્સબારને બે દિવસ પહેલા તાળામારી માલીક રેખાબેન કોટક અનેતેનો પુત્ર ભાર્ગવ કોટક ભુગર્ભમાં ઉતરી ગયા હતા બાદમાં ગઈકાલે પોલીસ કિમશનરને લેખીતમાં રજૂઆત કરી વ્યાજખોરોનો અસહ્ય ત્રાસ હોવાની અને તેમના ત્રાસમાંથી છોડાવવા અને વ્યાજખોરો સામે પગલા લેવા માંગણી કરવામાં આવી હતી. આનંદ સ્નેક્સબારના માલીક રેખાબેન કોટકે આજે સોશિયલ મીડિયામાં બે વીડિયો વાયરલ કર્યા છે. જેમાં પોતાના પતિનું કાર અકસ્માતમાં નિધન નથી થયું તેમને મારી નાખવામાં આવ્યા છે. તેવો આક્ષેપ કર્યો હતો અને મને અને મારા દિકરાને વ્યાજખોરોના ત્રાસમાંથી છોડાવો હુ બધુ મુકીને આવી ગઈ છું મારા ઘર પાસેના આજુબાજુના સીસીટીવી ચેક કરાવો વ્યાજખોરો અને તેમના ગુંડાઓ રાત્રીના અઢી.. અઢી વાગ્યા સુધી અડો જમાવીને બેસે છે ચાર દિવસ પહેલા ચાર મુસ્લિમ શખ્સો પુત્ર ભાર્ગવને ૧૨ હજારના વ્યાજ માટે ઉપાડી જવાની ધમકી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને સંબોધીને બનાવવામાં આવેલા આ વીડિયોમાં વ્યાજખોરોનો અસહ્ય ત્રાસ હોય પુત્ર ભાર્ગવનો જીવ બચાવવા અમે બધુ મુકીને નિકળી ગયા હોવાનું જણાવ્યું છે. અંતમાં પુત્ર ભાર્ગવને કઈ થયું તો હું બધા વ્યાજખોરોના નામ આપી દઈશ અને બધા વ્યાજખોરોને બરબાદ કરી નાખીશ. હું પુત્રને બચાવવા દિલ્હી કોર્ટ સુધી પહોંચીશ.

# ત્રિશુલ ચોક પાસે હીટ એન્ડ રનની ઘટના સર્જનાર કારચાલકની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના હસન વાળી મેઈન રોડ પર આવેલ ત્રીસુલ ચોકમાં ગઈકાલે સવારે હિટ એન્ડ રન ની ઘટના સર્જી વોકિંગ કરવા નીકળેલા રોડ નો ભોગ લેનાર કારચાલકની ભક્તિનગર પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ત્રિશુલ ચોક પાસે શેરી નંબર ૨ માં રહેતી કુમકુમ બેન ચંદ્રેશભાઇ કાનાણી નામની યુવતીએ



ભક્તિનગર પોલીસમાં ઘર નંબર gj 3 એમ એચ ૪૯૫ ન ચાલક સન્નીદાયમાં અને કારનો માલિક અશોક કુસવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે સવારે પોતે ત્રિશુલ ચોક પાસે હતી ત્યારે આકારના ચાલક સન્નીદાયમાં એ પુરપાટ ઝડપે કાર ચલાવી મોર્નિંગ વોક પર નીકળેલા નલિનભાઈ સિદ્ધપુરાને કોકરે ચડાવી ગંભીર ઈજા કરી મોત નીપજાવ્યું હતું અને દુકાનના ઓટા પર બેઠેલી ત્રણ ત્રણ યુવતીઓને હડફેટે લઈ કુમકુમ બેન કાનાણીને પગમાં ગંભીરિજા કર્યાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસે ગુનો નોંધી ભક્તિનગર પોલીસના ઇન્ચાર્જ પીઆઇ એ બી જાડેજા સહિતના સ્ટાફે કારચાલક સન્ની દહીમાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# જેતપુરમાં બે બાળકો ગુમઃ માતાની તબિયત બગડતા સારવારમાં ખસેડાઈ

## ૨૪ કલાક બાદ પણ પોલીસે ફરિયાદ નહિ નોંધતા લોકોમાં રોષ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના સામાકાંઠા વિસ્તારમાંથી સાંજના સમયે ઘર પાસે રમતા બે પરપ્રાંતીય બાળકો ગુમ થઈ ગયા હતા. ૨૪ કલાક કરતા પણ વધુ સમય થઈ જવા છતાં બાળકોની કોઈ ભાળ ન મળતા બન્નેની માતાઓએ સતત હૈયાફાટ રૂદન કરતા તબિયત બગડવાથી સારવાર માટે સરકારી હોસ્પિટલે ખસેડવી પડી હતી.

આ અંગેની માહિતી મુજબ જેતપુર



શહેરના સામાકાંઠા વિસ્તારમાંથી ગુરુવારે સાંજના સમયે મૂળ બિહારના વતની પરીવારના બે બાળકો અજીતકુમર ગિરજાપ્રસાદ ચૌધરી (ઉ. ૬) અને સોહેલખાન નઝીમખાન મન્સુરી (ઉ. ૭) ઘર પાસે રમતા રમતા ગુમ થઈ ગયા હતા. જેથી બન્નેના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી, પરંતુ રાત્રીના બાર વાગ્યા સુધી કોઈ બે બાળકો ગુમ થવાથી ચિંતાતૂર શ્રમિક પરિવાર. (રાકેશ પટેલ) પતો લાગ્યો ન હતો. જેથી તેઓએ પોલીસને જાણ કરી હતી, પરંતુ ગરીબ પરપ્રાંતીય પરિવારના બાળકો હોવાથી પોલીસે ધ્યાન આપ્યું નહોતું તુરંત જ અપહરણનો ગુનો દાખલ કરવાનાં બદલે પોલીસે બાળકો ગુમ થયાને ૨૪ કલાક થઈ નહીં હોવાથી ફરિયાદ ન નોંધી શકીએ.. એવો જવાબ આપ્યો હતો. બીજી તરફ સતત હૈયાફાટ રૂદનથી બન્ને બાળકોની માતાઓની તબિયત લથડતા સારવાર માટે સરકારી હોસ્પિટલ લાવવામાં આવી હતી. હવે આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ નક્કર પગલા ભરે એવી શ્રમિક પરિવારે માગ કરી હતી.

# જામનગર મોટરમાં સામાન ભૂલી ગયેલી યુવતીને સામાન પરત અપાવતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આવેલી યુવતીનો સામાન ઈકો મોટરમાં ભુલાઈ જતાં તેણે કમાન્ડ કંટ્રોલ સેન્ટરનો સંપર્ક કર્યો હતો.રાજકોટથી જામનગર આવેલી યુવતીનો સામાન ઈકો મોટરમાં ભુલાઈ જતાં તેણે કમાન્ડ કંટ્રોલ સેન્ટરનો સંપર્ક કર્યો હતો જે બાદ કમાન્ડ કંટ્રોલે તાત્કાલિક ઈકો કારચાલક અને સામાન લઈ જનાર યુવકને શોધી કાઢી સામાન પરત યુવતીને અપાવ્યો હતો.જામનગર પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં મંગળવારે પૂજાબેન નામના એક યુવતી દોડી આવ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટથી જામનગર



આવતી વખતે તેઓએ ઈકો મોટરમાં પોતાની બેગ ભૂલી ગયા છે. જેમાં ડોક્યુમેન્ટ તથા સોનાની વીટી હતી.આ મોટરને શોધી કાઢવા પોલીસે સીસીટીવી કેમેરા ચકાસ્યા પછી મોટરચાલક મળી આવ્યો હતો. તેણે પોતાની પાસેથી એક શખ્સ આ યુવતીનો ભાઈ હોવાનું કહી બેગ લઈ ગયો હોવાનું જણાવતા ડીવાયએસપી એમ.બી. સોલંકીના માર્ગદર્શન હેઠળ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના પીએસઆઈ પી.પી. જાડેજા તથા સ્ટાફે તે શખ્સની શોધ હાથ ધરી હતી.અન્ય કેટલાક સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવતા તે શખ્સનો પણ પત્તો લાગી ગયો હતો. તેના પાસેથી પૂજાબેનનો સામાન પરત મેળવી પોલીસ ટીમે સોંપી આપતા તેઓએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ વર્ગ થકી નવ ઉમેદવારને વિવિધ સંરક્ષણ દળોમાં સફળતા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મદદનીશ નિયામક રોજગારની કચેરી, જામનગર દ્વારા દર વર્ષે વડી કચેરી ગાંધીનગરની સૂચના અનુસાર સંરક્ષણ દળની ભરતી પૂર્વેના સ્વામી વિવેકાનંદ લેખિત અને શારીરિક પરીક્ષાની તાલીમ આપવા અર્થેના નિવાસી તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. મદદનીશ નિયામક રોજગારની કચેરી જામનગર દ્વારા વર્ષ ૨૦૨૩ દરમિયાન સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંરક્ષણ દળની વિવિધ પ્રકારની કસોટીઓ પાસ કરીને ૯ ઉમેદવારોએ સંરક્ષણની વિવિધ જગ્યાઓ ઉપર પસંદ થઈને સમગ્ર જામનગર જિલ્લા સહિત ગુજરાત રાજ્યને તેમજ ભારતવર્ષને




ગૌરવ અપાવ્યું છે. આ ઉમેદવારો ભવિષ્યમાં વિવિધ જગ્યાએ પોસ્ટીંગ પૂર્વેની તાલીમ લીધા પછી ભારત દેશની વિવિધ જગ્યાએ સેવા આપીને રક્ષા કરશે.

જેમાં વસરા હેમંત, વસરા નરેન્દ્ર, વસરા ભાવેશ, મોઢવાડિયા સુનિલ, ગોહિલ લક્કીરાજસિંહ, જોષી કપિલ, જોષી કેવલ, જાડેજા યશરાજસિંહ આ સર્વે ઈન્ડિયન આર્મીની જુદી જુદી જગ્યાઓ ઉપર પસંદગી પામ્યા છે. તેમજ વાઘ મહેશની આસામ રાઈફલમાં પસંદગી કરવામાં આવી છે. જે ભવિષ્યમાં વિવિધ સ્થળોએ સેવા આપીને દેશની રક્ષાનું કાર્ય કરશે. મદદનીશ નિયામક રોજગાર સરોજ સાંડપા તેમજ સમગ્ર સ્ટાફગણ વતી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.જામનગર જિલ્લાના ૧૭ થી ૨૩ વર્ષના ઉમેદવારો ભવિષ્યમાં આવનારા સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ વર્ગમાં જોડાઈને સંરક્ષણ દળમાં પસંદ થઈને દેશની સેવામાં ફરજ બજાવે અને દરેક ઉમેદવારો આગામી સંરક્ષણ દળની વિવિધ ભરતીઓમાં સહભાગી થઈને કારકિર્દી બનાવી શકે છે, તેમ મદદનીશ નિયામક રોજગાર સરોજ સાંડપા, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# સાંસદ મોહનભાઈ કુંડારિયાએ મોરબી અને વાંકાનેરને વધુ રેલ સુવિધા આપવા રેલ્વે મંત્રીને લખ્યો પત્ર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પત્રકાર એસોસિયેશન દ્વારા મોરબીના લાંબા અંતરની ટ્રેનો મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી. જે અનુસંધાને સાંસદ મોહનભાઈ કૂંડારિયા દ્વારા કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ ને પત્ર લખી મોરબી સુધીની ટ્રેનોની જોગવાઈ અંગે વિગતવાર રજૂઆત અને વાકાનેર ખાતે ટ્રેનોના સ્ટોપેજની માંગ કરી છે.




મળતી માહિતી અનુસાર, લોકસભા સાંસદ મોહનભાઇ કુંડારીયાએ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને લખેલ પત્રમાં જણાવાયું છે કે મોરબી પત્રકાર એસોસિએશન દ્વારા મોરબી સુધીની ટ્રેનોની જોગવાઈ અંગે વિગતવાર વિનંતીઓ રજૂ કરી છે અને વાકાનેર ખાતે ટ્રેનોના સ્ટોપેજની હિમાયત પણ કરી છે. જે મોરબી પત્રકાર એસોસિએશન દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓ નોંધપાત્ર છે. અને તેમને સંબોધિત કરવાથી નિ:શંકપણે આ પ્રદેશમાં પરિવહન માળખાના સારું પરિણામ મળશે તેમજ આ બાબતે આપના હસ્તક્ષેપથી મોરબી અને વાકાનેરના રહેવાસીઓ અને મુસાફરોને ઘણો ફાયદો થશે તેવો ઉલ્લેખ કરી વિચારણા બાદ મોરબી સુધી ટ્રેનોની જોગવાઇ અને વાંકાનેર ખાતે સ્ટોપ આપવા માંગ કરી છે.

# એસટી બસપોર્ટમાં બે બસ વચ્ચે દબાઈ જતા વિદ્યાર્થીનું કરૂણ મોત

## ગોંડલના ગુંદાળા ગામનો યુવાન દ્વારકા જતો હતો તે વેળાએ બનાવ બન્યો: પરિવારમાં ઘેરો શોક



(તસ્વીર: આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલના ગુંદાળા ગામનો વિદ્યાર્થી દ્વારકા જવા માટે ઘરેથી નીકળ્યા બાદ રાજકોટ એસટી બસ પોર્ટ માં બે બસ વચ્ચે દબાઈ જતા તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.

અંગેની જાણવા મળતી માહિતી મુજબ ગોંડલના ગુંદાળા ગામે રહેતો બ્રિજેશ સોલંકી નામનો વિદ્યાર્થી આજે સવારે પોતે દ્વારકા જવા માટે ગુંદાળા ગામથી બસમાં રાજકોટ આવ્યો હતો બસપોર્ટમાં દ્વારકા ની બસ ની રાહ જોઈ ઉભો હતો ત્યારે પેન પ્રકારે બે બસ વચ્ચે દબાઈ જતા યુવાનને ગંભીજા થતાં તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું બનાવવા અંગેની જાણ એ ડિવિઝન પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં યુવાન ગોંડલના ગુંદાળા ગામનું જાણવા મળતા પોલીસે વિદ્યાર્થીના પરિવારને જાણ કરતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો.

રાજકોટ એસટીના વિભાગીય નિયામક જે. બી. કલોતરાએ જણાવ્યું હતું કે આજે બે એસટી બસની વચ્ચે આવી જતાં એક રાહદારીનું મૃત્યુ નીપજ્યું છે, એ બદલ અમે દુ:ખની લાગણી વ્યક્ત કરીએ છીએ. જૂનાગઢ-રાજકોટ રૂટની એસટી બસ આજે સવારે રાજકોટના ઢેબર રોડ પર સ્થિત સેન્ટ્રલ બસ પોર્ટમાં એસટી બસ આવી રહી હતી ત્યારે આ મુસાફર દોડીને સામેની તરફ જઈ રહ્યો હતો. એ સમયે પાલિતાણા-રાજકોટ રૂટની બસ પાછળ જ આવી રહી હતી. આ બંને એસટી બસની વચ્ચે મુસાફર આવી ગયો હતો અને તેનું ઘટનાસ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું. જોકે આ ઘટનામાં જે કોઈની પણ બેદરકારી હશે તેની સામે કડક પગલાં લેવામાં આવશે.

# ૩૫૦ કરોડના ડ્રગ્સ પ્રકરણમાં જામનગરના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**

ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા વેરાવળમાંથી ઝડપાયેલા ઈશાકની સુચનાથી અલ્લારખા ડ્રગ્સના મામલે જામનગરના ઉર્ફે દાદો ગુજરાતનું નેટવર્ક બેડી વિસ્તારમાંથી અલ્લારખા ઉર્ફે દાદો અબ્બાસ સુમારીયાની ધરપકડ કરી રીમાન્ડ માટે તજવીજ હાથ ધરી. આ કેસના મુખ્ય આરોપી આફ્રીકામાં બેસી સંભાળતો હોવાની વિગતો પ્રાથમિક પૂછપરછમાં સામે આવી હોવાનું એસપી મનોહરસિંહ જાડેજા અને એલસીબી પીઆઈ એ.બી. જાડેજા દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.



# જયરાજ પ્લોટમાં વૃદ્ધાની સારવાર કરતી મહિલાએ ૨.૫૦ લાખની સોનાની બંગડીની ચોરી કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના પેલેસ રોડ પર સંતોષ ડેરી પાસે જયરાજ પ્લોટ માં રહેતો ભરતભાઈ જેંતીલાલ ભીંડી સોની પ્રોડક એ ડિવિઝન પોલીસમાં તેના ફઈ ના ઘરે તેના ફઈબનની દેખરેખ રાખતી અને તેની સેવા કરતી મહિલા સકમદ આશા ગોંડલીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે તેના ફઈની સાર સંભાળ રાખતી હોય આ મહિલાએ તેના ફઈ ના હાથમાં પહેરેલી ₹ ૨.૫ લાખ ની કિંમતની બે સોના ની બગડી કાઢી લઈ વૃદ્ધાને નકલી બગડી પહેરાવી સોનાની બંગડી ની ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ કે કે આહીરે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ધોલેરા-ભાવનગર હાઈવે પર ૩૩ લાખના વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

## ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે ટેન્કર ચાલકને દબોચી લઈ રૂપિયા ૫૮.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો: ભાવનગરના બુટલેગર સહિત ચાર શખ્સોની શોધખોળ





**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાત રાજ્યમાં માત્ર કાગળ પર જ દારૂબંધી હોય તેમ શહેર તથા ગામોમાં ખુલ્લેઆમ દારૂ મળી રહેતો હોય તેનું મુખ્ય એક કારણ એ પણ છે કે ગુજરાત ની તમામ બોર્ડરો પરથી બુટલેગરો બે ફાર્મપણે દારૂ કુશળતા હોય તેવું લાગી રહ્યું છે એસ એમ સી ની ટીમે ધોલેરા ભાવનગર હાઈવે પર ઓક્સિજન ગેસ ના ટેન્કરમાંથી ૩૩ લાખનો વિદેશી દારૂ સાથે એક શખ્સની ધરપકડ કરી રૂપિયા ૫૮.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કેટી કામળીયા ની સૂચનાથી પીએસઆઇ આઇએસ રબારી સહિતનો સ્ટાફ ધોલેરા ભાવનગર હાઈવે પર ચોક્કસ બાતમીના આધારે વોચ પર હતા ત્યારે વઢ ભીડ ટોલનાકા પાસે એક શંકાસ્પદ ઓક્સિજન ગેસ ટેન્કર પસાર થઈ રહ્યું હતું પોલીસે તેને અટકાવી કલાસી લેતા ટેન્કરમાંથી વિદેશી દારૂની ૧૬૬૮૦ બોટલ કિંમત રૂપિયા ૩૩ લાખ નો જથ્થો મળી આવતા પોલીસે ટેન્કરનો ચાલક ગંગારામ કાસુરામ ચટ રહે રણજીતપુરા ગામ રાજસ્થાન ની ધરપકડ કરી ટેન્કર સહિત ₹૫૮.૧૩ લાખનો મુદ્દામલ કબજે કરી ઝડપાયેલા ગંગારામ ની આખરી પૂછપર જ કરતા વિદેશી દારૂનો જથ્થો અનિલ પંડિત રાજસ્થાની અને તેનો પાર્ટનર પવન કુમાર તથા તોફિક અને ટેન્કર નંબર એચ આર ૬૫ એ ૮૨૬૨ નો માલિક એ મોકલાવ્યો હતો અને આ જથ્થો ભાવનગરના બુટલેગરોને આપવાનો હોવાની કબુલાત આપતા પોલીસે પાંચ શખ્સોની શોધ કોળાદ્રી છે

# કેરાલામાં સોનાની ફેકટરીમાં રોકાણ કરવાની લાલચ આપી દુધના ધંધાર્થી સાથે રૂા.૨૮ લાખની ઠગાઈ

## પેલેસ રોડ પર દુકાન ચલાવતા પિતા-પુત્રએ શીશામાં ઉતારી હાથ ઉંચા કરી દેતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ પર વિવેકાનંદનગરમાં રહેતા દુધના ધંધાર્થી સાથે પેલેસ રોડ પર દુકાન ધરાવનાર પિતા-પુત્રે કેરેલામાં સોનાની ફેકટરીમાં રોકાણ નામે રૂ. ૨૮ લાખની છેતરપિંડી કરી હોવાની ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના કોઠારીયા મેઇન રોડ પર વિવેકાનંદનગર ૮૦ ફુટ રોડ પર રહેતા ઘનશ્યામભાઈ ભરતભાઈ મહેતા(ઉ.વ ૨૯) દ્વારા ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે નીરજ અમરભાઈ પરમાર, અમર ભીમજીભાઈ પરમાર (રહે.બંને પંચવટી પાર્ક શેરી નંબર બી- ૩, મોરબી રોડ રાજકોટ)ના નામ આપ્યા છે. ઘનશ્યામભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અહીં છેલ્લા ૧૨ વર્ષથી રહે છે અને ગાય ભેંસ રાખી દૂધનો વેપાર કરે છે. તેમના ભાઈ આશિપના મિત્ર નીરજ અમર પરમારજે તેના ભાઈના ઘરે આવતો જતો હોય પરિચય હતો આ નીરજ તથા તેના પિતા અમરભાઈ બંને પેલેસ રોડ પર લક્ષ્મીનારાયણ કોમ્પ્લેકસમાં એ.યુ.જવેલર્સ નામની પેઢી ધરાવતા હોય અને સોની કામને લગતો વ્યવસાય કરતા હોય તેમની સાથે પરિચય હતો. તેના આ ના પિતા અમરભાઈ બંને ઘરે આવ્યા અને તેઓને કેરેલામાં સોનાની મોટી ફેક્ટરી છે તેનું કામ મોટા પ્રમાણમાં કરીએ છીએ આ ફેક્ટરીમાં રૂપિયાનું રોકાણ કરવા માટે રૂપિયા ૧૮ લાખની જરૂરિયાત હોવાનું કહ્યું હતું. ફરિયાદીના મોટાભાઈ આશિષને બંને સાથે પરિચય હોય અને ફરિયાદીને પણ સારી રીતે ઓળખતા હોય અને આ રૂપિયા ત્રણથી ચાર મહિનામાં તેઓ પરત ચૂકવી આપશે તેવું જણાવતા સમયે ફરિયાદીના ઘરમાં ધંધાની બચતના રૂપિયા પડયા હોય જેથી તેમણે ગત તારીખ ૨૦/૫/૨૦૨૨ રૂપિયા ૧૮ લાખ એ.યુ. જ્વેલર્સના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા.

ત્યારબાદ ત્રણ ચાર મહિનાનો સમય પસાર થવા છતાં પૈસા ન આપ્યાજેથી ફરિયાદીએ તારીખ ૧૩/૧૦/૨૦૨૨ ના વધુ રૂપિયા ૧૦ લાખ આપ્યા હતા.ત્યારબાદ દિવાળીનો સમય પૂરો થઈ જતા ફરિયાદી આ પૈસાની અવારનવાર ઉઘરાણી કરવા છતાં થોડા સમયમાં રૂપિયા આપી દઇશું તેવા બહાના કાઢી આજદિન સુધી ફરિયાદીને તેમના રૂપિયા ૨૮ લાખ પરત આપ્યા ન હતા.આ મામલે પોલીસે વિશ્વાસઘાત, કાવતરું અને છેતરપીંડી અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ભાવનગર રોડ પર વિદેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગરની ધરપકડ: એકની શોધખોળ

## ચુનારાવાડ પાસે આજી નદીના કાંઠે દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી મહિલા સહિત બેની ધરપકડ







**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર રોડ પર ઇકો કારમાં વિદેશી દારૂ ના જથ્થા સાથે એક શખ સ અને આજી નદીના કાંઠે દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા દંપતીની ક્રાઈમ બ્રાન્ચ છે તળપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પી.આઈ એમઆર ગોંડલીયા ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ સહિત નો સ્ટાફ ભાવનગર હાઇવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન રાજમોતી મીલ પાછળ આવેલા મયુર નગર મારે તો અને અગાઉ અનેકવાર પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન બુટલેગર સુરેશ મગન કોબીયા નામનો શખ્સ ઇકો કાર નંબર લ્ષ ૩ એમબી ૬૪ ૮૭ લઈને નીકળતા પોલીસે તેને અટકાવી કલાસી લેતા વિદેશી દારૂની ૮૪ બોટલ કિંમત રૂપિયા ૩૩,૬૦૦ નો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂપિયા ૩.૮૩ લાખ નો મુદ્દામાલ કબજે કરી વધુ પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો સાલખડા ગામનો અનિલ ગણદીયા નામના સપનો હોવાની કબૂલાત આપતા પોલીસે અનિલ ની શોધ કોળાદ્રી વધુ તપાસ હાથ ધરી છે.

આજે નદીના કાંઠે ચુનાળાવાળ પાસે દેશી દારૂની ભઠ્ઠી ધમધમે રહી હોવાની હકીકત મળતા ક્રાઈમ બ્રાન્ચ ના પી.એસ.આઇ એમ જે હુંણ તથા હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ સહિત ના સ્ટાફે ઉપરોક્ત જગ્યાએ બરોડો ઉપાડતા સુનિલ જીતેશ ધાંધલીયા અને મનીષા ઉર્ફે મુન્ની વિનોદ સોલંકી ને દબોચી લઈ દેશી દારૂ નો આથો તૈયાર દારૂનો જથ્થો અને દારૂ બનાવવાના સાધનો સહિત કુલ રૂપિયા ૧૭,૬૬૦ નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે

# દ્વારકામાં બે વર્ષની માસુમ બાળાની હત્યા કરનાર પતિની ધરપકડ

## ચાર સંતાનોને તરછોડી પત્ની ચાલી ગયા બાદ નરાધમ પિતાના મગજ પર સૈતાન સવાર થયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દ્વારકામાં ઇસ્કોન ગેઈટ નજીક રાવળા તળાવ પાસે રહેતા રમેશ ડુંગર પરમાર કે જેને સંતાનમાં બે પુત્ર તેમજ બે પુત્રી હોય, આ શખ્સ દ્વારા ગતરાત્રિના સમયે સૌથી નાની એવી તેની બે વર્ષની માસુમ પુત્રી રોશની રડતી હોવાથી કારણોસર ઉશ્કેરાઈ ગયેલા રમેશે બાળકીને પોતાના હાથમાં લીધી હતી.આ પરિરિસ્થિતિમાં આરોપી રમેશના માથામાં ઝનુન સવાર થઈ જતા તેણે માસુમ બાળાને મારી નાખવાના ઈરાદાથી તેણીના પગ પર ઉંધી લટકાવી અને વારંવાર નીચે પછાડતા બે વર્ષની આ માસુમ બાળકીને મોઢામાં તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેણીનું મૃત્યુ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.



આ બનાવ અંગે રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના રામોદ ગામના મૂળ રહીશ અને હાલ દ્વારકામાં ઇસ્કોન ગેઈટ પાસે પોલીસ ચોકી નજીક રહી અને છૂટક મજૂરી કામ કરતા દેવીપુજક દાતણીયા પરિવારના અજય વિઠલભાઈ સોલંકી રમેશ ડુંગર પરમાર સામે મનુષ્યવધની કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી, આ પ્રકરણમાં પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા આરોપી શખ્સની અટકાયત કરી લેવામાં આવી હતી.આ પ્રકરણમાં તપાસનીસ અધિકારી દ્વારા જણાવાયા મુજબ મુળ અમદાવાદ જિલ્લાનો વતની અને છેલ્લે ભાવનગર ખાતે રહેતો ૩૯ વર્ષનો આરોપી રમેશ ડુંગર પરમાર બે પુત્ર અને બે પુત્રીઓનો પિતા હતો. મજૂરીકામ કરતો આ શખ્સ તેના પરિવાર સાથે રખડતો ભટકતો રહેતો હોય કેટલાક સમયથી તે દ્વારકામાં રહેતો હતો. છેલ્લા આશરે એકાદ સપ્તાહથી તેની પત્નિ તેના પરિવારને છોડીને ચાલી ગયેલી હોવાથી બાળાની માતાના ગયા પછી બાળકોને સાચવતા રમેશે ગત રાત્રે રડી રહેલી માસુમ રોશનીને ઊંધી લટકાવીને નીચે પટકતા આ બાળાનું ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં મૃત્યુ નીપજ્યું હતું. હત્યા બાદ આરોપી નાસી છૂટયો હતો. પરંતુ સવારે પોલીસે તેને ટાઉન વિસ્તારમાંથી દબોચી લીધો હતો.આ બનાવ બાદ બાળકીને મૂર્છિત અવસ્થામાં મૂકીને રમેશ નાસી જતા નજીકમાં રહેતો ફરિયાદી અજય વિઠ્ઠલ સોલંકી બાળકીને હોસ્પિટલે લઈ ગયો હતો.નિર્દય પિતા દ્વારા માસુમ પુત્રીની આ પ્રકારે કરવામાં આવેલી હત્યાના બનાવથી દ્વારકા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# માણાવદરના ભાજપ આગેવાનની હત્યામાં ફરાર મુખ્ય બે સુત્રધારની ધરપકડ

## અગાઉ પોલીસે મહિલા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

માણાવદરના ભાજપ આગેવાનની આંઠેક દિવસ પહેલા રઘુવીરપરામાં બે શખ્સોએ છરીના ઘા ઝીકીને હત્યા કરી નાખી હતી, જે કેસમાં પોલીસે પાંચ શખ્સો સામે ગુન્હો દાખલ કર્યો હતો, જેમાં હત્યા કરનાર મુખ્ય બે આરોપીને આજે એસઓજીએ ગલીયાવાડ ચોકડી પાસેથી ઝડપી લીધા છે.

આ અંગેની માહિતી મુજબ માણાવદરના ભાજપ અનુસુચિત જનજાતી મોરચાના પ્રમુખ જગદીશભાઈ લખમણભાઈ ઉલવા ઉ.૩૪ ની ગત તા.૨૨ કબજે કરવા પોલીસે તપાસ શરુ કરી છે. ફેબ્રુઆરીએ બપોરે બે શખ્સોએ રઘુવીરપરા વિસ્તારમાં છરીના ઘા ઝીકીને હત્યા કરી નાખી હતી.



જુના મનદુ:ખમાં હત્યા કરી હોવાનું પાંચ શખ્સો સામે માણાવદર પોલીસમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો, જે કેસમાં બીજા દિવસે જ પોલીસે પુરીબેન વેજાભાઈ મોરી, રાજુ લખન કોડીયાતર અને એભા લખમણ કોડીયાતર નામના શખ્સ આરોપીની ધરપકડ કરી હતી.

જયારે મુખ્ય સુત્રધાર આરોપી જેમણે છરીના ઘા ઝીક્યા હતા, તે વેજા પોલા મોરી અને તેનો દીકરો હાર્દિક વેજા મોરી બને હત્યા કરીને નાસી ગયા હતા, જે બંને આરોપીને આજે જૂનાગઢ એસઓજીપીએસઆઈ શીતલ સોલંકી સહિતના સ્ટાફે બાતમીના આધારે ગલીયાવાડ ચોકડી પાસેથી ઝડપી પાડયા હતા. અને બંનેને માણાવદર પોલીસને હવાલે કર્યા છે, બને આરોપી આટલા દિવસ ક્યાં છુપાયા અને કોણે આશરો આપ્યો તેમજ હત્યામાં વપરાયેલ છરી કબ્જે કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ તોડકાંડમાં જેલમાં રહેલાં તરલ ભટ્ટના જામીન નામંજુર

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ પોલીસના તોડકાંડ મામલે હાલ જેલમાં રહેલા સસ્પેન્ડેડ પી.આઈ. તરલ ભટ્ટ ની જામીન માટેની અરજી આજે સેસન્સ કોર્ટે ન્યાયના હિતમાં ઉચિત ના જણાતા ના મંજુર કરી દીધી છે. એક વેપારીનું બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે જૂનાગઢ એસઓજીના પી.આઈ. એ.એમ.ગોહિલ અને એએસઆઈ દીપક જાનીએ ૨૫ લાખની લાંચ માંગી હોવાનો ગુન્હો દાખલ થયો હતો, જેમાં આરોપી તરીકે માણાવદરના સસ્પેન્ડેડ પી.આઈ. તરલ ભટ્ટ પણ સામેલ હતા, જે કેસમાં તેની ગુજરાત એટીએસએ ન્યાયના હિતમાં ઉચિત ન જણાતા કોર્ટે જામીન અરજી ના મંજુર કરી ધરપકડ કરીને તપાસમાં અનેક વિગતો ખોલી છે, અને હાલ તરલ ભટ્ટ જેલહવાલે છે. ત્યારે તાજેતરમાં તરલ ભટ્ટના સાગરિત ગણાતા અમદાવાદના દીપ શાહની પણ એટીએસએ ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજુ કરતા તેને પણ જેલહવાલે કરવામાં આવ્યો હતો, દીપ શાહની પૂછતાછમાં દુબઈના બુકી બીરજુ શાહના માણસોના બેંક એકાઉન્ટ ફ્રીજ ન કરવા માટે તેમણે મુંબઈથી હવાલો આપીને દીપ શાહને ૨૭.૯૭ લાખ અને ૯.૮૪ લાખ મોકલ્યા હોવાનું સામે આવ્યું છે. ત્યારે તરલ ભટ્ટને જામીનપર મુક્ત કરવા માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જેની આજે સુનવણી કરવામાં આવી હતી, સુનવણી પૂર્વે બચાવ પક્ષના વકીલ અને સરકારી વકીલની દલીલોને લક્ષ્યમાં રાખીને આજે સેન્સસ જજ હેમંતકુમાર દવેએ ન્યાયના હિતમાં ઉચિત ન જણાતા તરલ ભટ્ટની કોર્ટે જામીન અરજી ના મંજુર કરી દીધી છે.

# ધોરાજીમાં એક કિલો ગાંજા સાથે ઉપલેટાનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી સીટી પોલીસ મથકના પી આઈ રવી.ગોધમ ની સૂચના માગદશન તળે પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે પોલીસ સ્ટાફ ને બાતમી મળી હતી કે ઉપલેટા તરફથી એક શખ્સ ગાંજાના જથ્થા સાથે ધોરાજી તરફ આવી રહ્યો છે પોલીસ સ્ટાફ ની ટીમ બાતમીના આધારે ઉપલેટા રોડ પર રસુલપરા ઇદગાહ ગ્રાઉન્ડ્માં હઝરત ગેબનશાહ પીરની દરગાહ પાસે વોચમાં હતી ત્યારે બાઈકમાં પસાર થતા શખ્સને અટકાવી તેનું નામ પુછતા નદિમશા દિલાવરશા ઉ.૨૭ રહે, ઉપલેટા હોવાનું જણાવ્યું હતું તેની પાસે રહેલ થેલીમાં તપાસ કરતા તેમાંથી એક કિલો ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે એક કિલો ગાંજો, સહિત રૂ ૨૬ હજાર નો મુદ્દામાલ કબજે કરી ને આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ધોરાજી પીઆઈ ગોધમે જણાવ્યું હતું કે બાતમીના આધારે પોલીસે ગાંજો સહિત નો રૂ ૨૬હજાર નો મુદ્દામાલ કબજે કર્યો છે એક શખ્સ ને ઝડપી પાડી ને તપાસ હાથ ધરી છે.

